બારડોલીની મીંઢોળા નદીમાં પાણી ઓસર્યા

જળસ્તર વધતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા, ૨૪ કલાકમાં 1 ઈંચ વરસાદ પડ્યો

બારડોલી: બારડોલી અને તેના ઉપરવાસના વિસ્તારોમાં ગઈકાલે સાંજથી શરૂ થયેલા વરસાદને પગલે સ્થાનિક નદીઓમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. સરકારી આંકડા મુજબ ગત સાંજે ૬ વાગ્યાથી શનિવારે સાંજે ૬ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં બારડોલીમાં કુલ ૩૩ મીમી વરસાદ નોંધાયો છે.

રાત્રિ દરમિયાન ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે મીંઢોળા નદીના જળસ્તરમાં અચાનક વધારો થયો હતો. નદીની સપાટી વધતાં જ મોડી રાત્રે નદી કિનારાના અને અન્ય નીચાણવાળા રહેણાક વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. અચાનક પાણી ભરાવાને કારણે સ્થાનિક રહીશોમાં થોડા સમય માટે દોડધામ અને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. જો કે, વહીવટી તંત્ર માટે અને સ્થાનિકો માટે રાહતના સમાચાર એ રહ્યા કે સવાર થતાં જ વરસાદનું જોર ઘટ્યું હતું. વરસાદ બંધ થતાંની સાથે જ નીચાણવાળા વિસ્તારોમાં ભરાયેલા પાણી ઝડપથી ઓસરી ગયા હતા, જેનાથી પરિસ્થિતિ પુનઃ સામાન્ય થઈ શકી હતી. તંત્ર દ્વારા હાલ નદી કિનારાના વિસ્તારો પર સતત નજર રાખવામાં આવી રહી છે.

માંડવીમાં નવા પુલ તરફ જતા ડામર રોડનું ધોવાણ

માંડવી: માંડવી નગરમાં પાલિકા દ્વારા તાજેતરમાં જ બનાવવામાં આવેલા કરોડોના ખર્ચે રસ્તાઓની ગુણવત્તા સામે સ્થાનિકોમાં ગંભીર સવાલો ઊભા થયા છે. માંડવીના ભાથીજી ટેકરા પસાર થઈ નવા પુલ પર સીધા નેશનલ હાઈવે તરફ જતા મુખ્ય માર્ગ પર પાલિકા દ્વારા બનાવવામાં આવેલો નવો ડામર રોડ પ્રથમ વરસાદમાં જ ધોવાઈ ગયો છે. આ મહત્ત્વપૂર્ણ માર્ગ પર ડામર રોડના પોપડા ઉખડી ગયા છે અને રસ્તાની વચ્ચે મોટી-મોટી તિરાડો પડી ગઈ છે. એટલું જ નહીં, રસ્તાની સાઈડના ભાગેથી પણ મોટા પ્રમાણમાં ધોવાણ થતાં વાહનચાલકો માટે ભારે જોખમ ઊભું થયું છે. નેશનલ હાઈવેને જોડતો આ મુખ્ય રસ્તો હોવાથી અહીં ચોવીસ કલાક વાહનોની અવરજવર રહે છે, ત્યારે રસ્તાની આવી બિસ્માર હાલતને કારણે અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. આ રસ્તાનું તાકીદે સમારકામ કરવામાં આવે અને કસૂરવાર કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવામાં આવે તેવી લોક માંગ ઊઠી છે.

હિતેશ પટેલ

ચુનાવાડી ગામે નવા બનેલા પુલનો એપ્રોચ વરસાદમાં ધોવાયો

વ્યારા: ડોલવણ તાલુકામાં શુક્રવારે પડેલા ધોધમાર વરસાદને કારણે ચુનાવાડી ગામે નવા બનેલ પુલનો એપ્રોચ ધોવાઈ ગયો હતો. પાઠકવાડીથી રાયગઢને જોડતા સ્ટેટ હાઈવે પર ચુનાવાડી પાસે નવા બનેલા પુલનો એપ્રોચ ધોવાઈ જતાં 5થી વધુ ગામના લોકોને અવરજવર માટે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. એપ્રોચનું વરસાદમાં મોટાપાયે ધોવાણ થતાં હાલમાં જ બનેલા પુલની કામગીરી સામે સવાલો ઊભા થયા હતા. હાલ તો એપ્રોચ ધોવાઈ જતાં ડાંગ જિલ્લાને અડીને આવેલા ડોલવણના ડુંગરડા, રાયગઢ, હલમુડી અમોનિયા સહિતના ગામના લોકોને ભર ચોમાસામાં અવરજવર હાલાકી વેઠવાનો વારો આવતાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

બારડોલીના ઝરીમોરામાં વીજ કરંટ લાગતાં ભેંસનું મોત

બારડોલી: બારડોલીના ઝરીમોરા ગામે વીજ કંપનીની ગંભીર બેદરકારી સામે આવી છે. ગામનાં નિશાળ ફળિયામાં રહેતાં પશુપાલક નયનાબેન ધનસુખભાઈ ચૌધરી ગત બપોરે બસ સ્ટેન્ડ નજીક પોતાના પશુઓ ચરાવી રહ્યાં હતાં. દરમિયાન જ્યોતિગ્રામ ફીડર વીજ લાઈનના ટી.સી. થાંભલાના લોખંડના તાણીયાના તારમાં અચાનક વીજ પ્રવાહ ઊતરી આવ્યો હતો.

ચરી રહેલી પશુઓ પૈકી એક આઠ વર્ષની દુધાળી ભેંસ આ લાઈવ તારના સંપર્કમાં આવી જતાં કરંટ લાગવાથી મોત નીપજ્યું હતું. આ અકસ્માતને કારણે ગરીબ પશુપાલક મહિલાને આશરે ૯૦,૦૦૦ રૂપિયાનું મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બનાવ અંગે બારડોલી રૂરલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે સ્થાનિકોમાં વીજ કંપની સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કડોદરામાં અજાણ્યા આધેડનો મૃતદેહ મળ્યો

પલસાણા: કડોદરા GIDC પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ક્રિષ્નાનગરના હનુમાન મંદિર પાસેની એક દુકાનના શેડ નીચેથી આશરે ૫૦થી ૫૫ વર્ષના એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. મંદિરના પૂજારીની જાણ બાદ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

માંડવીમાં તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ

હિતેશ પટેલ

માંડવી: માંડવી પ્રાંત કચેરી ખાતે ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ અને પ્રાંત અધિકારી કૌશિકભાઈ જાદવની ઉપસ્થિતિમાં તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં માંડવી, અરેઠ, માંગરોળ અને ઉમરપાડાના વિવિધ વિભાગોના અધિકારીઓએ ભાગ લીધો હતો. બેઠકમાં વિકાસલક્ષી કાર્યોના ઝડપી અમલીકરણ અને પ્રજાલક્ષી પ્રશ્નોના સમયસર નિરાકરણ માટે વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, વર્તમાન ચોમાસાને ધ્યાનમાં રાખીને તંત્રને 'હાઈ એલર્ટ' પર રહેવા સૂચના આપવામાં આવી છે. ભારે વરસાદ કે પૂર જેવી આપત્તિજનક સ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ આપવા માટે કંટ્રોલ રૂમ સક્રિય રાખવા જણાવ્યું હતું.

વલથાણમાં દાદા સાથે રહેતો અઢી વર્ષનો પૌત્ર ગરમ પાણીથી દાઝી ગયો

કામરેજ: મૂળ ગીર સોમનાથના ધોકડવા અને હાલ કામરેજના વલથાણ ગામે ક્રિષ્ના બંગ્લોઝમાં દુલાભાઈ ટપુભાઈ ચાલોદરા પરિવાર સાથે રહે છે. મોટો પુત્ર હિતેશ પત્નિ સાથે લંડન ખાતે રહે છે અને તેના બે સંતાનમાં પુત્રી સગુન (ઉ.વ.5) અને અઢી વર્ષનો વેદ દાદા-દાદી સાથે રહે છે. શુક્રવારે સવારે 6 વાગ્યે ફૂલ ઝાડને પાણી પીવડાવી રહ્યા હતા. ત્યારે પૌત્ર વેદ બાથરૂમમાં બૂમો પાડતાં જોતા ગરમ પાણી ભરેલું તપેલું ઢોળી દેતાં શરીરે દાઝી જતાં તુરંત જ ખાનગી વાહનમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

ચલથાણ રેલવે ફાટક પાસે લાશ મળી

પલસાણા: ચલથાણ ગામે રામકબીર સોસાયટી રેલવે ફાટક પાસેથી ૪૦થી ૪૫ વર્ષના અજાણ્યા પ્રૌઢનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. ગત ૨ જુલાઈના રોજ મોડી રાત્રે પ્રૌઢ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. ૧૦૮ની ટીમે તપાસ કરી તેમને મૃત જાહેર કર્યા હતા. કડોદરા GIDC પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહને પીએમ અર્થે તલોદરા PHC ખાતે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

નનસાડમાં સગીરા ઘરનો દરવાજો બહારથી બંધ કરી જતી રહી

કામરેજ: મૂળ અમરેલી અને હાલ નનસાડની સોસાયટીમાં રહેતા પરિવારની 17 વર્ષીય પુત્રી શુક્રવારે સવારે માતા નાહવા માટે ગઈ હતી. પિતા બાથરૂમમાં ગયા હતા, ત્યારે સવારે ઘરનો દરવાજો બહારથી બંધ કરી જતી રહી હતી. જે અંગે કામરેજ પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

પાંખરી પાસે વાહન અડફેટે યુવતીનું મોત

વ્યારા: ઉચ્છલના પાંખરી પાસે નેશનલ હાઈવે-53 ક્રોસ કરતી વખતે અજાણ્યા વાહને ટક્કર મારતાં ગુણસદાની 19 વર્ષીય કડિયાકામ કરતી યુવતી સંગીતાબેન ગામીતનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે ઉચ્છલ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માંડવી જમીન વિકાસ બેંક ખાતે સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી

માંડવી: ગુજરાત રાજ્ય સહકાર કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકની માંડવી શાખા ખાતે તાજેતરમાં 'સહકારી સપ્તાહ'ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બેંકના હોદ્દેદારો અને સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં સહકારી પ્રવૃત્તિઓના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે શાખા મેનેજર કૌશલ પંડ્યાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. બેંકના પ્રમુખ વિક્રમસિંહ મહિડાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, માંડવી જમીન વિકાસ બેંકે અત્યાર સુધીમાં રૂ. ૧ કરોડની લોનનું વિતરણ કર્યું છે. તેમણે વિશેષ ગૌરવ સાથે જણાવ્યું કે, બેંકની એન.પી.એ. (N.P.A.) શૂન્ય રહી છે, જે બેંકની આર્થિક શિસ્ત અને ખેડૂતોના વિશ્વાસનું પ્રતીક છે. આ પ્રસંગે બેંકના ઉપપ્રમુખ પ્રવિણસિંહ મહિડાએ ખેડૂતોને સંબોધતા બેંક દ્વારા અમલી વિવિધ લોન યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે ખેડૂતોને આ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે અપીલ કરી હતી. કાર્યક્રમમાં માંડવી મહિલા મંડળનાં પ્રમુખ ભાનુબેન પટેલ, સિનિયર સિટિઝન ઉપપ્રમુખ ભારતેન્દ્ર ઉપાધ્યાય સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સહકારી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

હિતેશ પટેલ

માંગરોળના વડોલી ગામમાં દીપડાએ શ્વાનનો શિકાર કર્યો

સીસીટીવી ફૂટેજમાં ઘટના કેદ, પાંજરું ગોઠવવા ગ્રામજનોની માંગ

વિનોદ મેસુરીયા

વાંકલ: માંગરોળના વડોલી ગામમાં દીપડાના સતત આંટાફેરાથી ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ વ્યાપી ગયો છે. તાજેતરમાં ગામના 'દરબાર ફળિયા'માં ઉપ સરપંચ દેવેન્દ્રસિંહ વાંસિયાના ઘરના આંગણામાં જ દીપડાએ એક શ્વાન પર હુમલો કરી તેનું મારણ કર્યું હતું. આ ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. વિડીયો ફૂટેજ સામે આવ્યા બાદ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઉપરાંત, ગામના અન્ય વિસ્તારોમાંથી પણ દીપડાનાં પગલાંનાં નિશાન મળી આવ્યાં છે, જેના કારણે સ્થાનિક લોકો હવે રાત્રે જ નહીં પણ દિવસે પણ બહાર નીકળતા ડરી રહ્યા છે. ભવિષ્યમાં કોઈ મોટી જાનહાનિ કે પશુધનને નુકસાન ન થાય તે માટે વડોલી ગ્રામ પંચાયત તુરંત એક્શનમાં આવી છે. ગામના સરપંચ વૈશાલીબેન દ્વારા વાંકલ (ઝંખવાવ)નાં રેન્જ ફોરેસ્ટ ઓફિસરને તાત્કાલિક લેખિતમાં સત્તાવાર રજૂઆત કરવામાં આવી છે. ગ્રામ પંચાયત અને ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ વહેલી તકે ગામમાં પાંજરું ગોઠવીને આ દીપડાને પાંજરે પૂરી જંગલ વિસ્તારમાં ખસેડવાની ઉગ્ર માંગ કરી છે. જેથી લોકો ભયમુક્ત બની શકે.

સુગર મિલોના અસ્તિત્વ માટે 'મંથન'

બારડોલીમાં સહકાર સપ્તાહ નિમિત્તે ખાંડ ઉદ્યોગના ભવિષ્ય અંગે મહત્ત્વની બેઠક

શેરડીના પાકનું વાવેતર વધારવા અને ઉત્પાદકતામાં વૃદ્ધિ કરવા ચર્ચા

બારડોલી: સહકાર સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બાબેન-બારડોલી ખાતે એક મહત્ત્વની 'મંથન બેઠક' સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. ગુજરાત રાજ્યના ખાંડ નિયામક સુનીલભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં શેરડીના પાકનું વાવેતર વધારવા અને ઉત્પાદકતામાં વૃદ્ધિ કરવા અંગે સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે સુરત, નવસારી, વલસાડ, ભરૂચ અને નર્મદા જિલ્લાના રજિસ્ટ્રારો ઉપરાંત નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને ગુજરાતની વિવિધ સુગર મિલોના મેનેજિંગ ડિરેક્ટરો તથા પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકની શરૂઆતમાં બારડોલી સુગર ફેક્ટરીના ઉપપ્રમુખ ભાવેશભાઈ પટેલે મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. તેમણે પ્રાસંગિક પ્રવચનમાં ખેતીની જમીન, ઉત્પાદકતા અને જાળવણીનો ચિતાર આપવાની સાથે સુગર ફેક્ટરીઓ માટે જરૂરી શેરડીના પુરવઠા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. દક્ષિણ ગુજરાતની સહકારી ખાંડ મિલોના પ્રતિનિધિઓએ પણ પોતાની મંડળીઓની વિવિધ સમસ્યાઓ રજૂ કરી હતી. કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડો.એસ. સી.માલી સહિતના નિષ્ણાતોએ ઘટતા જતા શેરડીના વાવેતર વિસ્તાર અને ઉત્પાદકતાના આંકડા રજૂ કર્યા હતા. તેમણે ઉત્પાદન વધારવા માટે જમીનની માવજત, ફળદ્રુપતા, બિયારણની પસંદગી, પાકની જાળવણી તેમજ શેરડીના રોગો અને તેના નિવારણ અંગે વિગતવાર વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સુગર મિલોમાં આધુનિક AI ટેક્નોલોજીના ઉપયોગ પર ભાર

ખાંડ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રારોએ સુગર ફેક્ટરીઓને જમીનની ફળદ્રુપતા જાળવીને શેરડીનું વાવેતર વધારવા માટે મજબૂત આયોજન કરવા સૂચન કર્યું હતું. આ માટે સરકાર તરફથી વિવિધ યોજનાઓ, સબસિડી અને જરૂરી સહકાર આપવાની ખાતરી આપવામાં આવી હતી. ખાસ કરીને, ખાંડ નિયામકે સુગર મિલોને આધુનિક AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ટેક્નોલોજીનો ઉપયોગ કરવા પર ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે તમામ મિલોને જરૂરી સોફ્ટવેર અને એપ્લિકેશન વિકસાવવા તાકીદ કરી હતી. જેથી ખેડૂતો, સુગર મિલો અને સરકારી વિભાગો એક જ પ્લેટફોર્મ પર આવી શકે. આ આધુનિક ટેક્નોલોજીના અમલીકરણ માટે સરકાર પણ જરૂરી સહાય આપી ભાગીદાર બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

રૂપિયા ૩ કરોડના ખર્ચે બુહારીમાં ગટરલાઈન અને સર્વિસ રોડના નામે

ધારાસભ્ય મોહન ઢોડિયા ગરીબોની રોજી-રોટી છીનવવા માંગે છે, CMને રજૂઆત

મુખ્યમંત્રીને બુહારી ગ્રામ પંચાયત દ્વારા લખાયેલા પત્રમાં આક્ષેપો કરાયા કે જે રસ્તાની જરૂર નથી તેમાં ધારાસભ્ય ઢોડિયા ગ્રાંટ આપી રહ્યા છે

બુહારી: તાપી જિલ્લાના વાલોડ તાલુકાના મુખ્ય વેપારી મથક એવા બુહારી ગામમાં સ્થાનિક રાજકારણ ગરમાયું છે. મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા વિરુદ્ધ બુહારી ગ્રામ પંચાયતના હોદ્દેદારો અને સ્થાનિક પ્રજામાં ભારે રોષ ફેલાયો છે. ધારાસભ્ય દ્વારા ગામના વિકાસ કાર્યોમાં અવરોધ ઊભો કરાતો હોવાના અને બિનજરૂરી ખર્ચ મંજૂર કરાવવાના ગંભીર આક્ષેપો સાથે બુહારી ગ્રામ પંચાયત દ્વારા મુખ્યમંત્રીને લેખિત પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રીને લખાયેલા પત્રમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ધારાસભ્ય મોહન ઢોડિયા દ્વારા ગત તા. ૩૦/૦૬/૨૦૨૬ના રોજ એક પત્ર લખીને બુહારી ગામમાં પાણીના નિકાલનું ખોટું બહાનું ધરી રૂ.૩ કરોડના ખર્ચે ગટર લાઇન અને સર્વિસ રોડ બનાવવાની ભલામણ કરવામાં આવી છે. ગ્રામ પંચાયતનો દાવો છે કે ગામને આવા કોઈ સર્વિસ રોડની જરૂર જ નથી. જો આ કામ મંજૂર થશે તો સરકારના કરોડો રૂપિયાનો વેડફાટ થશે અને સ્થાનિક ૨૦૦ જેટલા નાના વેપારીઓ તથા ગરીબ પરિવારોની રોજીરોટી છીનવાઈ જશે. ગ્રામ પંચાયતે ધારાસભ્ય પર ટાર્ગેટ કરવાનો આક્ષેપ લગાવતા જણાવ્યું છે કે, અગાઉ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા બુહારી ગામ માટે મંજૂર થયેલો રૂ.૫ કરોડનો રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ધારાસભ્યે લેખિત રજૂઆત કરીને રદ કરાવી દીધો છે. આ ઉપરાંત, ગામની શાળામાં અભ્યાસ કરતા ૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે મંજૂર થયેલી રૂ.૬૦ લાખની લાઈબ્રેરી પણ તેમના દ્વારા રદ કરાવવામાં આવી છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, જ્યાં ૩ હજાર વિદ્યાર્થીઓ ભણે છે ત્યાં લાઈબ્રેરી રદ કરીને, ધારાસભ્યે પોતાની જ શૈક્ષણિક સંસ્થા-જ્યાં માત્ર ૯૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે-ત્યાં સરકારની તમામ ગાઇડલાઇન વિરુદ્ધ જઈને લાઈબ્રેરી મંજૂર કરાવી લીધી છે. આ ઉપરાંત ભૂતકાળમાં એક ગરીબ વિધવા મહિલાની કેબિન તોડવા માટે હાઇકોર્ટનો સ્ટે હોવા છતાં CMOના નામે અધિકારીઓ પર દબાણ કરાયું હોવાનો આક્ષેપ પણ પત્રમાં છે.

પંચાયતનો અભિપ્રાય લેવા માંગ: આગામી દિવસોમાં 'બુહારી બંધ'ની સુરજ દેસાઈની ચીમકી

બુહારી ગામના ઉપસરપંચ સૂરજ દેસાઈએ આ અંગે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વિકસિત બુહારી ગામને ઉજ્જડ બનાવવા નીકળેલા ધારાસભ્ય વિરુદ્ધ લોકોમાં ભારે નારાજગી છે. ગ્રામ પંચાયતે મુખ્યમંત્રીને નમ્ર વિનંતી કરી છે કે ધારાસભ્ય દ્વારા સૂચવવામાં આવેલા કોઈપણ કામને મંજૂરી આપતા પહેલાં તેની સ્થાનિક સ્તરે ખરાઈ કરવામાં આવે અને બુહારી ગ્રામ પંચાયતનો અભિપ્રાય લેવામાં આવે. જો ગ્રામજનો અને પંચાયતના વિરોધ છતાં ધારાસભ્યના પત્ર મુજબનું રૂ.૩ કરોડનું બિનજરૂરી કામ મંજૂર કરવામાં આવશે, તો આગામી દિવસોમાં સમગ્ર બુહારી ગામ આંદોલનના માર્ગે આગળ વધશે અને 'બુહારી બંધ' પાળી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે.

ભરાડા રેલ્વા ગામે દારૂ ઝડપાયો

સાગબારા: ડેડિયાપાડા પોલીસે ભરાડા રેલ્વા ગામના ત્રણ રસ્તા પાસે દુકાનમાંથી ૨,૭૦૩નો વિદેશી દારૂ જપ્ત કર્યો છે. પોલીસ મિથુન વસાવા હાજર ન મળી આવતાં તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

Milano MULTIPLEX

બારડોલી

Alpha
10:00am, 12:00pm, 03:00pm, 07:10pm, 09:00pm, 10:00pm

Minions & Monsters
02:00pm, 05:00pm

Welcome To The Jungle
10:50am, 12:50pm, 04:00pm, 05:45pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૪૨/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- વિનુબહેન હોલિયાભાઈ ચૌધરી, રહે.જાખલા, નહેર ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી જાખલા ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વિનુબહેન હોલિયાભાઈ ચૌધરી, રહે.જાખલા, નહેર ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦એ તેઓના પોતે વિનુબહેન હોલિયાભાઈ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: વિનુબહેન હોલિયાભાઈ ચૌધરી ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૭૨ ૩. જન્મનું સ્થળ: મોજે.જાખલા, તા.માંડવી, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે વિનુબહેન હોલિયાભાઈ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકો માંગરોલના મોજે વસ્તાનના બ્લોક નં.૮૭, ખાતા નં.૫૬, થી નોંધાયેલ જુની શરતની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૧૩-૦૦ વાળી જમીનના માલીક ઈશ્વરભાઈ ભગાભાઈ ઉર્ફે ભગવાનભાઈ ચાવડા પાસેથી હમારા અસીલ વિનુભાઈ પોપટભાઈ અકબરી વેચાણ લેનાર છે.જેથી આ જમીનમાં કોઈ પણ શખ્સ,યા સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર,દાવો લાગ ભાગ ખોરાકી,પોશાકી, લીયન,બોજો, સાટાખત,બાનાખત ઈઝમેન્ટ વિગેરેના હકકો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ માં હમોને જાણ કરવી અને એ મુદત સુધીમાં કોઈપણ જાણ કરવામાં ન આવશે તો તેવા હકકો તેઓએ છોડી દીધેલા છે. એમ માની હમારા અસીલ સદરહુ જમીનના માલીકો પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાને નોધ લેવી. તા.૦૪/૦૭/૨૦૨૬

સોહેલ એસ. નુર - એડવોકેટ
ઓફિસ :- વિજય ઝેરોક્ષની સામે, મોસાલી મેઈન બજાર, મોસાલી તા.માગરોલ જી.સુરત મો.નં.૯૯૭૯૬૩૧૫૨૫

જાહેર નોટીશ

સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, બારડોલી પ્રાંત, બારડોલીની કોર્ટ

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.નં. ૧૪૬/૨૦૨૬ — તા.૨૨/૦૬/૨૦૨૬

વાદી :- ભુલીબેન દિનેશભાઈ હળપતિ, રહે.ઓરગામ, તા.બારડોલી, જિ.સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી / ત.ક.મંત્રીશ્રી કડોદ મિયાવાડિ, તા. બારડોલી, જિ. સુરત.

વિષય :- જન્મ/મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભુલીબેન દિનેશભાઈ હળપતિ રહે.ઓરગામ, તા.બારડોલી, જિ.સુરતના ભાઈ શંકરભાઈ મંગુભાઈ રાઠોડનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે, જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આવેલ છે.

૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: શંકરભાઈ મંગુભાઈ રાઠોડ
૨. તેમના મરણની તારીખ: ૨૮/૦૭/૨૦૨૩
૩. મરણનું સ્થળ: કડોદ, તા.બારડોલી, જિ.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે શંકરભાઈ મંગુભાઈ રાઠોડના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૧૫માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૦૭/૨૦૨૬નાં રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી :- સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેકટર, બારડોલી પ્રાંત, જી.સુરત

મહે. બારડોલીના એડીશનલ ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં

ફોજદારી પરચુ.અરજી નં.૨૩૮/૨૦૨૬
વકીલશ્રી : કે. કે. ચૌધરી

અરજદાર : સુમિતકુમાર હરેન્દ્રસિંગ સિંગ, ઉ.આ.વ.૧૮, ધંધો-અભ્યાસ, રહે. ૪૯, કામદાર કોલોની, સુરાલી, તા.બારડોલી, જિ.સુરત.

// વિરૂધ્ધ //

સામાવાળા : (૧) પ્રિન્સીપલશ્રી, શ્રી મોરારભાઈ કરસનભાઈ પટેલ, માધ્યમિક સ્કૂલ, મઢી, તા.બારડોલી, જિ.સુરત.

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામના અરજદાર સુમિતકુમાર હરેન્દ્રસિંગ સિંગ ને શ્રી મોરારભાઈ કરસનભાઈ પટેલ માધ્યમિક સ્કૂલ, મઢી, તા.બારડોલી, જિ.સુરત તરફથી મળેલ એલ.સીમાં કોલમ નં.૧ માં નામ Avadhyay Sumitkumar Harindrasingh લખાયેલ છે. જ્યારે જન્મ દાખલા, આધારકાર્ડ વિગેરેમાં હમારું નામ Sing Sumitkumar Harindrasingh છે. સદર સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં કોલમ નં.૧ માં Sing Sumitkumar Harindrasingh મુજબનો સુધારો કરવા અંગે અત્રેની કોર્ટમાં અરજદારે હાલની અરજી કરેલ છે.

સદરહું આ બાબતે કોઈપણ વ્યકિતને વાંધો વિરોધ કે તકરાર હોય તો સદરહું કામની સુનવણી તારીખ ૦૩ મી માહે ઓગસ્ટ ૨૦૨૬ ના રોજની રાખવામાં આવેલ છે જેથી તે દિવસે જાતે અગર માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક હાજર રહેવા નોંધ લેશો જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજની તારીખ ૦૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર — મુકાબલ કરનાર — હુકમથી
આસીસ્ટન્ટ — આસી. — રજીસ્ટ્રાર, ચીફ કોર્ટ, બારડોલી